# ગુજરાત યુનિવર્સિટી

યુવક કલ્યાણ વિભાગ, નવરંગપુરા, અમદાવાદ

સંપર્ક નંબરઃ ૦૭૯-૨૬૩૦૦૮૩૪

યુ.ક. નં/ ૦૩૬ /૨૦૨૧ તાઃ ૨૭-૧૦-૨૦૨૧

વિષયઃ બેઝીક માઉન્ટેનીયરીંગ કેમ્પ, એડવાન્સ માઉન્ટેનીયરીંગ કેમ્પ, મરીન કેમ્પ, ફોરેસ્ટ કેમ્પ અને ડેઝર્ટ કેમ્પ અંગે.

આચાર્યશ્રી/અધ્યક્ષશ્રી,

ગુજરાત યુનિવર્સિટી દ્વારા યોજાતા વિવિધ કેમ્પની સફળતા અને વિધાર્થીઓમાં પ્રસરેલી રૂચી જોઈ આગામી ડીસેમ્બર, જાન્યુઆરી, ફેબ્રુઆરી માસ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે નીચે દર્શાવેલ કેમ્પનું આયોજન કરવા વિચારણા હેઠળ છે.

| | | |
|---|---|---|
| (૧) બેઝીક માઉન્ટેનીયરીંગ કેમ્પ | (૨) એડવાન્સ માઉન્ટેનીયરીંગ કેમ્પ | (૩) મરીન કેમ્પ |
| (૪) ફોરેસ્ટ કેમ્પ | (૫) ડેઝર્ટ કેમ્પ | |

ઉપરોક્ત દર્શાવેલ કેમ્પમાં ભાગ લેવા ઈચ્છુક આપની કોલેજમાંથી પંસદગી પામેલ દરેક કેમ્પ દીઠ ૨ (બે) વિદ્યાર્થી ભાઈઓ અને ૨ (બે) વિદ્યાર્થીની બહેનોના નામ આ સાથે જોડેલ એપ્લીકેશન ફોર્મમાં ઝેરોક્ષ કરાવીને કોલેજના ફોરવર્ડીંગ લેટર સાથે તાઃ ૨૨-૧૧-૨૦૨૧ ના રોજ બપોરે ૨-૦૦ વાગ્યા સુધીમાં યુવક કલ્યાણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદને મળે તે પ્રમાણે મોકલી આપશો.

કેમ્પમાં જોડાવા ઉત્સુક, જિજ્ઞાસુ, રસિક, ખડતલ, નીડર તેમજ સાહસિક અને શિબિર જીવનની અગવડતાઓ વેઠવા તૈયાર હોય તેવા વિદ્યાર્થીઓને પ્રાથમિકતા આપવી. ઉપરોક્ત શિબિરો માટેની વિદ્યાર્થીઓની આખરી પસંદગી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે. પસંદગી દોડ કસોટી દ્વારા કરવામાં આવશે, જેની જાણ વિદ્યાર્થીઓને ઈ-મેલ ઉપર કરવામાં આવશે. પસંદગી સ્થળે વિદ્યાર્થીઓએ પોતે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. શિબિર દરમ્યાન જો કોઈ અકસ્માત થાય કે બીમાર પડે તો તેની જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે અને સારવારનો પુરેપુરો ખર્ચ પણ જે તે વિદ્યાર્થીએ પોતે ભોગવવાનો રહેશે. શિબિર સ્થળે આવવા-જવાનો ખર્ચ વિદ્યાર્થીઓએ પોતે અથવા કોલેજે ભોગવવાનો રહેશે. જયારે યુનિવર્સિટી તરફથી રહેવા, જમવા તથા તાલીમની સગવડ શિબિરના સ્થળે કરવામાં આવશે. ઉપરોક્ત શિબિરોના સંચાલક તરીકે નાયબ નિયામક, યુવક કલ્યાણ કે તેમના પ્રતિનિધિ રહેશે.

હવે પછીનો પત્ર વ્યવહાર તથા શિબિર અંગેની તમામ માહિતી વિદ્યાથીઓના E-MAIL ID પર મોકલી આપવામાં આવશે. કોઈ પણ પ્રકારનો પત્ર વ્યવહાર કરવામાં આવશે નહીં. આ અંગેની તમામ જાણકારી વિદ્યાર્થીઓને આપ્યા બાદ જ એપ્લીકેશન ફોર્મ મોકલી આપવા વિનંતી. હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ શિબિર દરમ્યાન અને પસંદગી કસોટી સમયે વિદ્યાર્થીઓએ ભારત સરકાર દ્વારા બહાર પાડેલ COVID-19 ની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

નોંધઃ (1) ગર્લ્સ કોલેજો કેમ્પ દીઠ ૪ (ચાર) વિદ્યાર્થીની બહેનોના નામ મોકલી શકશે.

(2) ઉપરોક્ત દર્શાવેલ કેમ્પમાં અગાઉ જે વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ ભાગ લીધેલ હોય તેઓ ફરી વખત તે જ કેમ્પમાં ભાગ લઈ શકશે નહી, તેની ખાસ તકેદારી રાખવી.

(3) એક વિદ્યાર્થી કોઈ પણ એક કેમ્પમાં જ ભાગ લઈ શકશે, જેની ખાસ નોંધ લેવી

(4) ઉપર દર્શાવ્યા મુજબની વિદ્યાર્થીઓની નિયત સંખ્યા કરતા વધારે નામો મોકલવા નહી, તેની ખાસ તકેદારી રાખવી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

નાયબ નિયામક યુવક કલ્યાણ

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, વિદ્યાભવનના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાશ્રીઓ

# GUJARAT UNIVERSITY
## DEPARTMENT OF YOUTH WELFARE

### APPLICATION FORM

(NOTE : FORMS FILL IN THE CAPITAL BLOCK LETTERS )

CAMP NAME:

PASTE YOUR RECENT PASSPORT SIZE PHOTOGRAPH SIGNED BY PRINCIPAL

1 STUDENTS FULL NAME:

SURNAME:

NAME:

FATHERS NAME:

2 STUDENTS ADDRESS:

Pin Code :

3 NAME OF THE COLLEGE:

4 ENROLLMENT NO. :

5 STUDYING CLASS :

6 CONTACT NO. (M) :

7 GUARDIAN'S CONTACT NO.

8 CATEGORY ( GENERAL / OBC / SC / ST )

9 E-MAIL (COMPULSORY) :

10 DATE OF BIRTH:

11 AGE:

12 TRACKSUIT SIZE ( TICK (√) MARK ON SIZE):

| 36 | 38 | 40 | 42 | 44 |
|---|---|---|---|---|
| (S) | (M) | (L) | (XL) | (XXL) |

(SIGNATURE OF STUDENT)

I hereby certify that the above mentioned information is correct as per our college record and best of my knowledge and belief.

(PRINCIPAL SIGNATURE & SEAL)